

જિલ્લાના વાસણ ગામ ખાતે ગ્રામલોકો અને વદ્યાર્થીઓ દ્વારા સોમવારે બસ રોકો આંદોલન ચલાવવામાં આવ્યું હતું, જેના કારણે પોલીસને દરમ્યાનગીરી કરવાની ફરજ પડી હતી અને મુસાફરોને પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. (તસવીર : દિપક જાની)

# કલોલના ઓવરબ્રીજ પર મેટાડોરની અડફેટે બાઈકસવાર પિતા-પુત્ર ફંગોળાયા

## પિતાનું સારવાર દરમિયાન મોત : મેટાડોર ચાલક ફરાર

કલોલ, તા. ૩

કલોલમાં આવેલા માર્કેટયાર્ડ પાસે ઓવરબ્રીજ પરથી પિતા-પુત્ર બાઈક પર પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન રોંગ સાઈડમાં પુરપાટ ઝડપે આવેલા મેટાડોરે બાઈકને અડફેટે લઈ લેતા પિતા-પુત્ર ગંભીર રીતે ઘવાયા હતાં. બંનેને સારવાર માટે તાત્કાલીક અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા જયાં ૪૦ વર્ષીય પિતાનું સારવાર દરમિયાન કમકમાટી ભર્યું મૃત્યુ નિપજયું હતું. ગત રાત્રિએ બનેલી આ ઘટના બાદ મેટાડોર ચાલક ફરાર થઈ ગયો હતો. કલોલ શહેર પોલીસે તેની વિરૂધ્ધ ગુનો નોંધી શોધખોળની કામગીરી હાથ ધરી છે.

કલોલ પૂર્વ વિસ્તારમાં આવેલી હરસિધ્ધનગર સોસાયટીમાં રહેતા ૪૦ વર્ષીય અમરતભાઈ સોમાભાઈ પરમાર અને તેમનો દિકરો આકાશ અમરતભાઈ પરમાર ગઈ કાલે રાત્રે બાઈક લઈને માર્કેટયાર્ડ પાસેના ઓવરબ્રીજ પરથી પસાર થઈ રહ્યા હતાં તે દરમિયાન મેટાડોર નંબર જીજે ૧ ડબલ્યુ ૫૪૦૦ સડસડાટ ઓવરબ્રીજ પરથી નિકળી અને બાઈકને અડફેટે લઈ લેતા બાઈકમાં સવાર પિતા-પુત્ર બાઈક સાથે ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતાં.

આ અકસ્માતમાં બંનેને ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન જ ૪૦ વર્ષીય અમરતભાઈ પરમારનું પ્રાણ પંખેરું ઉડી જવા પામ્યું હતું. તો બીજી તરફ તેમનો પુત્ર આકાશ પણ ગંભીર હાલતમાં સારવાર લઈ રહ્યો છે. મેટાડોર મુકીને ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. કલોલ શહેર પોલીસે મેટાડોર ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરીને પોલીસે તેને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

## કલોલમાં વધુ એક યુવાનનો એસીડ પીને આપઘાતનો પ્રયાસ

કલોલ, તા. ૩

કલોલમાં આપઘાતના કિસ્સાઓમાં નોંધપાત્ર વધારો થયો છે ત્યારે ગઈકાલે એસીડ પીને વધુ એક યુવાને આપઘાત કરવાનો પ્રયત્ન કર્યાનો કિસ્સો નોંધાવા પામ્યો હતો. કલોલના કલ્યાણપુરા વિસ્તારમાં રહેતા ૩૨ વર્ષીય યુવાન રાજુ કનુભાઈ દરબારે ગઈકાલે બપોરના સુમારે પોતાના ઘરેજ કોઈ અગમ્ય કારણોસર એસીડ ગટગટાવી લીધુ હતુ.

# કોંગ્રેસે આવાસનું વચન આપ્યું પણ સરકાર સહાયના સીધા ચેક આપશે

## વિપક્ષની જાહેરાત સામે આવાસની વિવિધ યોજનામાં લાભાર્થીની સંખ્યા ૭૮ હજારથી વધારીને ૩.૮૫ લાખ અને સહાય જોગવાઇ ૧૫૯૨ કરોડ

**(વિશેષ પ્રતિનિધિ દ્વારા)**

ગાંધીનગર, તા.૩

કોંગ્રેસની ઘરનું ઘર યોજના સામે રાજય સરકારે સરકારી આવાસ યોજનાઓની સ્કીમોમાં ત્રણ ગણા લાભાર્થીઓ વધારવાનું અને ત્રણ ગણી રકમ ખર્ચ કરવાનું નક્કી કર્યું છે. ટૂંક સમયમાં આ સ્કીમની જાહેરાત થાય તેવી સંભાવના છે.

કોંગ્રેસે તેના ચૂંટણી ઢંઢેરાના મુદ્દાઓપૈકી શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ઘર વિહોણાં પરિવારોને ઘરનુંઘર આપવાની જાહેરાત કરી શહેરી વિસ્તારમાં ૫૦ લાખ ફોર્મનું વિતરણ કરતાં સરકારે કેન્દ્ર અને રાજ્ય પુરસ્કૃત આવાસ યોજનાનું કદ મોટું કરી દીધુંછે.

કોંગ્રેસે ચૂંટણી વચનો આપીને ફોર્મનું વિતરણ કર્યું છે, પરંતુ રાજ્ય સરકારે સહાયના ચેકોનું સીધું વિતરણ કરવાની યોજના બનાવી છે આ માટે તમામ લાભાર્થીઓના બેન્ક એકાઉન્ટ ખૂલે તેવી વ્યવસ્થા કરાવવા રાજ્યના ચીફ સેક્રેટરીએ સીધા આદેશ આપ્યા છે. ઘર વિહોણાંને આવાસ મળે તે માટે રાજય સરકાર લાભાર્થીઓને સહાયના ચેક આપશે.

સરકારની યોજનામાં લાભાર્થીને આવાસ મળે તે માટે સરકારે છેલ્લા બજેટમાં ૩૫૦ કરોડની જોગવાઈ કરી હતી. આ બજેટથી ૭૮૦૦૦ લાભાર્થીઓને આવાસ મળી શકે તેમ હતા પરંતુ કોંગ્રેસની યોજના સામે સરકારે લાભાર્થીઓની સંખ્યા ત્રણ ગણી એટલે કે ૩.૮૫ લાખ કરી દીધી છે અને બજેટ બહારની જોગવાઈની રકમ વધારીને ૧૫૯૨ કરોડ કરવામાં આવી છે. સૂત્રોએ જણાવ્યું છે કે આગામી બજેટમાં આ રકમની પૂરક માગણી લાવવામાં આવનાર છે.

ગુજરાતમાં એકપણ પરિવાર બેન્ક એકાઉન્ટથી વંચિત ન રહે તેનો ખ્યાલ રાખવા સરકારે તેના ગ્રામીણ વિકાસ વિભાગ અને શહેરી વિકાસ વિભાગને આદેશ કર્યા છે. ભારતીય રિઝર્વ બેન્કનું પણ માર્ગદર્શન છે કે પ્રત્યેક પરિવાર પાસે બેન્ક એકાઉન્ટ હોવું જોઈએ. સરકારે એકાઉન્ટ વિહોણાંને એકાઉન્ટ મળે તે માટેની વ્યવસ્થા કરવાનું જણાવ્યું છે.

# કલોલમાં વૃદ્ધના આપઘાત પ્રકરણે દીકરીનાં સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ

## ખોટી પોલીસ ફરિયાદો કરી પિતાને આપઘાત કરવા માટે મજબૂર કર્યા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ

કલોલ, તા. ૩

કલોલ સાંઈકૃપા બંગ્લોઝમાં રહેતા વૃદ્ધે કરેલા આત્મહત્યા પ્રકરણમાં આજે આપઘાત દુષ્પ્રેરણા બદલ ત્રણ શખ્સો વિરૂદ્ધ કલોલ સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવા પામી છે. જેના મૃતકનાં દીકરીએ પાટણનાં ચાણસ્મા ખાતે રહેતા પોતાના સાસરીયાઓએ જ પિતાને આપઘાત માટે મજબૂર કર્યા હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ કર્યો છે. કલોલ સીટી પોલીસ સ્ટેશનમાં આ ત્રણેય વિરૂદ્ધ ગુનો નોંધીને તપાસ હાથ ધરવામાં આવી છે.

બોરીસણાનાં રાધેશ્યામનગર બસ સ્ટેન્ડ પાસે સાંઈકૃપામાં બંગલા-૯માં રહેતા ૬૩ વર્ષીય દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલે ગત ૨૯ ઓગષ્ટનાં રોજ પોતાના જ રૂમમાં પંખા લગાડવાના હૂકે દુપટ્ટો બાંધીને આપઘાત કર્યો હતો. જે સંદર્ભે મૃતકનાં દીકરી કલ્પનાબેને કલોલ સીટી પોલીસ સ્ટેશનમાં સાસરીયાઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. પાટણ જિલ્લાનાં ચાણસ્મા ખાતે રહેતા મિતેશ ખોડિદાસ પટેલ, યોગેશ ખોડિદાસ પટેલ અને ભારતી યોગેશ પટેલ એમ ત્રણેય મળીને કલ્પનાબેનને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપતા હતા. તેમજ તેની સાસેસાથે પોતાનાં મૃતક પિતા પર ખોટી ખોટી ફરિયાદો નોંધાવીને જાનથી મારી નાંખવાની ધમકીઓ પણ આપતાં હતા. કલ્પનાબેને પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમનાં સાસરીયાઓએ મળીને પોતાના પિતાને આપઘાત કરવા માટે દુષ્પ્રેરણા પુરૂ પાડ્યુંછે. કલોલ સીટી પોલીસ સ્ટેશન હેડ કોન્સ્ટેબલ ડી.એ. ચૌહાણે આ ત્રણેય શખ્સો વિરૂદ્ધ કલ્પનાબેનને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપીને મૃતકને આપઘાત માટેની દુષ્પ્રેરણા કરવા બાબતે ગુનો દાખલ કરીને તેમને પકડવા માટે ચક્રો ગતિમાન કરાયા છે.

# કલોલમાં ઉષા વર્કર પાંચ વર્ષે વિવિધ માંગણીઓ સાથે મેદાને ઉતરી

## પાંચ વર્ષથી ૧ હજાર વેતન મેળવતી બહેનોને ત્રણ-ત્રણ વર્ષથી ઈન્સેન્ટીવ પણ અપાયું નથી

કલોલ, તા. ૩

કલોલ શહેરમાં ઉષા વર્કર તરીકે છેલ્લા પાંચ વર્ષથી ફરજ બજાવી રહેલી સી.બી.એચ.વી.ની બહેનો શોષણથી ત્રસ્ત થઈને અંતે આજે મેદાને આવી છે. છેલ્લા ત્રણ ત્રણ વર્ષથી તમામ ઉષા વર્કરોને ઈન્સેટીવ પણ આપવામાં ન આવ્યું હોવા ઉપરાંત પાંચ વર્ષથી માત્ર રૂ. ૧૦૦૦ પગારમાં ત્રણ ગણુ કામ કરાવવામાં આવતું હોવા સહીતની રજુઆતો સંદર્ભે આજે ઉષા વર્કરોએ ઉચ્ચ કક્ષાએ આવેદન પત્રો સુપ્રત કર્યા હતા. જો તેમની માંગણી સંતોષાશે નહી તો આંદોલનનો માર્ગ અપનાવવાનો પણ નિર્ધાર કરી લેવામાં આવ્યો છે.

કલોલમાં સીબીએચવીની ૨૦ જેટલી બહેનો છેલ્લા પાંચ વર્ષથી સ્લમ વિસ્તાર તેમજ કલોલના મોટાભાગના વિસ્તારોમાં કામગીરી બજાવે છે. શાળા આરોગ્ય કાર્યક્રમ દરમ્યાન કામનું મોટુ ભારણ આપી દેવા ઉપરાંત અવરજવર માટે વાહન વ્યવસ્થા કરી આપ્યા વિના આદેશો છોડી દેવાયા છે. ડોર ટુ ડોર ઓરીની રસી મુકવા ઉપરાંત લાભાર્થીઓની નામાવલી તૈયાર કરવા સહિતની તમામ જવાબદારી પરીપૂર્ણ કરનાર ઉષા વર્કરોને સવારે ૯ થી સાંજે ૫ સુધીની એટલે કે ૮ કલાકની કામગીરી સોંપી દીધા બાદ પણ છેલ્લા પાંચ વર્ષથી રૂ. ૧ હજાર વેતન સ્વરૂપે આપી શોષણ કરવામાં આવે છે.

આખરે કંટાળેલી ઉષાવર્કરો હવે તંત્ર સામે બાયો ચઢાવીને મેદાને ઉતરી છે. છેલ્લા ત્રણ વર્ષથી ઈન્સેન્ટીવ પણ આપવામાં ન આવ્યું હોવા ઉપરાંત બબ્બે વર્ષથી યુનિફોર્મ પણ અપાઈ નથી. તેટલુ જ નહી દરેક સેન્ટર પર પટાવાળાની કામગીરી પણ સી.બી.એચ.વી. બહેનો દ્વારા કરાવવામાં આવતી હોવાની સહીતની સંખ્યાબંધ રજુઆતો સાથે મેદાને આવેલી ઉષા વર્કરોએ કલોલ બ્લોક હેલ્થ ઓફીસર સહિતના આવેદન પત્ર આપી ગાંધી ચિધ્યા માર્ગે જવાની ચિમકી પણ ઉચ્ચારી છે.

વડીલોને વંદન
અભિનંદન
આજે જન્મદિવસ



કમળાબેન અજીતભાઈ મકવાણા
(૧૯૪૦) ફોન : ૨૩૨ ૨૧૨૨૦

# સ્વામી વિવેકાનંદ યુવા સંદેશ યાત્રાનું હવે આયોજન કરાયું

## ભાજપ દ્વારા રાજ્યભરમાં ૧૫૦ સ્થાનો પર યાત્રા કઢાશે

## ભાજપની આજે કારોબારીમાં યાત્રાનો કાર્યક્રમ નક્કી થશે

ગાંધીનગર, તા.૩

ભાજપાના પ્રદેશ પ્રવક્તા આઈ. કે. જાડેજાએ જણાવ્યું છેકે સ્વામી વિવેકાનંદ ૧૫૦મી જન્મ જયંતી સમગ્ર રાજ્યમાં ઉજવાઈ રહેલ છે ત્યારે ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશે સમગ્ર રાજ્યમાં યુવાનોને સંદેશ આપતી વિવેકાનંદ યુવા સંદેશ યાત્રા દ્વારા રાજ્યના દરેક ખૂણે ખૂણે જવાનો નિર્ણય કરેલ છે.

સ્વામી વિવેકાનંદ યુવા સંદેશ યાત્રાઓ સમગ્ર રાજ્યના જુદા જુદા ૧૫૦ સ્થાનો ઉપરથી નીકળશે. સ્વામી વિવેકાનંદે રાજ્યમાં અનેક જીલ્લાઓમાં -વિસ્તારોમાં ભ્રમણ કરેલ છે. તેમજ અનેક જગ્યાએ વિવેકાનંદજીએ રહીને યુવા પેઢીને સંદેશો આપેલ છે ત્યારે રાજ્યમાં આ જન્મજયંતિની ઉજવણી સ્વરૂપે પ્રદેશ ભાજપ ૧૫૦ યાત્રાઓ દ્વારા યુવાનો અને નાગરિકોની વચ્ચે જઈને વિવેકાનંદજીના સંદેશને ચરિતાર્થ કરવાનું રાષ્ટ્ર હિતનું કાર્ય હાથ ધરશે. સમગ્ર રાજ્યમાં પ્રદેશ ભાજપના હોદ્દેદારો, જીલ્લા યુનિટો, જુદા જુદા મોરચા- સેલો, સંસદ સભ્યો, ધારાસભ્યો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં તેમજ સહકારી ક્ષેત્રોમાં રહેલા જનપ્રતિનિધિઓ વિવિધ જગ્યાએ આ યાત્રાની આગેવાની લઈને રાજ્યના ખૂણે ખૂણે જશે અને વિવેકાનંદ યુવા સંદેશ યાત્રા દ્વારા સમગ્ર રાજ્યના વિવિધ ક્ષેત્રના લોકોને મળવાનું કાર્ય કરશે. આવતીકાલે તા. ૪.૯.૧૨ના રોજ ગુજરાત પ્રદેશ ભાજપની બૃહદ બેઠકમાં યાત્રાના કાર્યક્રમને આખરી સ્વરૂપ આપવામાં આવશે અને સમગ્ર રાજ્યમાં યાત્રાનું આયોજન હાથ ધરાશે.

## શબ્દાવલી - ૪૮૩૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ |
| ૬ | | ■ | ૭ | ૮ | | ■ | |
| | ■ | ૯ | | | | ■ | |
| ■ | ૧૦ | ■ | | ■ | ■ | ૧૧ | ■ |
| ૧૨ | | ૧૩ | | ■ | ૧૪ | | |
| ૧૫ | | | ■ | ૧૬ | | | ■ |
| | ■ | ૧૭ | ૧૮ | ■ | ૧૯ | | ૨૦ |
| | ■ | ૨૧ | | ■ | ■ | ૨૨ | |

**આડી ચાવી**

૧. ધર્મ, ધરમ (૪)
૪. ઉત્સુકતા, પ્રબળ હોંશ (૩)
૬. બહુ થોડું, જરા (૨)
૭. આડુઅવળું જોયા કરવું તે (૩)
૯. પેકીંગ માટે મુકાતું કાણાવાળું સાધન (૪)
૧૨. સવારી કરનાર (૪)
૧૪. માગણા પેટે ચુકતે થયેલ રકમ (૩)
૧૫. હોકો, ચુંગી (૩)
૧૬. ઘોડો (૩)
૧૭. ગોદ, ખોળો (૨)
૧૯. મોકલવું, વિદાય કરેલ (૩)
૨૧. કૃષ, ઘસાઈ ગયેલ (૨)
૨૨. લીન, મગ્ન (૨)

**ઊભી ચાવી**

૧. મજુરી કરનાર (૩)
૨. ન્યાયાધીશ, ન્યાય કરનાર (૨)
૩. મોટી મોટી વાતો કરનાર (૫)
૪. પરાણે, ધરાહાર (૩)
૫. સોગન, કસમ (૩)
૮. ચહેરો (અંગ્રેજીમાં) (૨)
૧૦. મેળવવું તે, કરવું... (૩)
૧૧. કસૂરમાં આવેલું (૫)
૧૨. આશ્ચર્ય (૪)
૧૩. જમીને ડાબે પડખે થવું તે (૪)
૧૪. ગોડાઉન, ગોદામ (૩)
૧૮. ખંજવાળ, ચળ (૨)
૨૦. ન્યાય, જાતિ (૨)

**શબ્દાવલી ૪૮૩૨ના જવાબ**

**આડી ચાવી :-** (૧) ભગવાન (૫) સુગ્રીવ (૭) રળીયામણું (૧૦) પોશાક (૧૨) રોગચાળો (૧૪) નટ (૧૫) તક (૧૭) રીત (૨૦) પનાહ (૨૨) ઉથલપાથલ

**ઊભી ચાવી :-** (૧) ભરણપોષણ (૨) ગળી (૩) વાયા (૪) નમન (૬) ગ્રીવા (૮) અંગત (૯) ગળો (૧૧) કનક (૧૩) ચાકરી (૧૬) અનાથ (૧૮) તરસ (૧૯) સાથ (૨૦) પપા (૨૧) હલ

# હવે, દર ત્રીજા વર્ષે વાઈબ્રન્ટ ગ્લોબલ એગ્રી મીટ યોજાશે

## કૃષિ ક્ષેત્રે વૈશ્વિક પરિવર્તન સાથે કદમ મિલાવવાનો મુખ્ય હેતુ : રાષ્ટ્રીય કૃષિ પરિષદમાં ૭ દેશોના રાજદૂતો જોડાયા

ગાંધીનગર, તા.૩

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ



ગાંધીનગરના મહાત્મા મંદિરમાં આજથી બે દિવસ માટે કૃષિ-વાણિજ્ય, ઉદ્યોગ અને ટેકનોલોજીની રાષ્ટ્રીય પરિષદનું ઉદઘાટન કરતાં જાહેર કર્યું હતું કે કૃષિક્ષેત્રે વૈશ્વિક પરિવર્તનો સાથે કદમ મિલાવવા દર ત્રણ વર્ષે ગુજરાતમાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ એગ્રીકલ્ચર ઈવેન્ટ યોજાશે. કૃષિ અને કિસાનો માટે ઈઝરાયેલ વિશ્વનો સૌથી વિશાળ કૃષિમેળો યોજે છે એ જ ઈઝરાયેલ પેટર્ન ઉપર ગુજરાતમાં ગ્લોબલ એગ્રીકલ્ચર ઈવેન્ટ દરમિયાન મહાત્મા મંદિરમાં વિશાળ કૃષિમેળો પણ યોજાશે એવી જાહેરાત તેમણે કરી હતી.

આની સાથોસાથ મુખ્યમંત્રીએ ગુજરાત સરકાર કૃષિ ક્ષેત્રે નવા સંશોધનો અને ટેકનોલોજીની પીએચડીના અભ્યાસ સુધીની પ્રેક્ટીકલ ફાર્મિંગની તાલીમની સુવિધા સાથેની એગ્રીકલ્ચર રિસર્ચ



ઈન્સ્ટીટ્યુટ ઈઝરાયેલ સરકારના સહયોગથી સ્થાપવાની મહત્વની જાહેરાત પણ કરી હતી. તેમણે જણાવ્યું કે વિશ્વમાં કૃષિ વેપાર-ઉદ્યોગ અને ટેકનોલોજીના પરિવર્તનોમાં ભારત અને ગુજરાતના કિસાનોને પોતાની ક્ષમતા પ્રદર્શિત કરવાનો અવસર આપવા મહાત્મા મંદિરની આ ઉર્વરા ભૂમિ ઉપર દર ત્રણ વર્ષે ગ્લોબલ એગ્રીકલ્ચર સમિટ અને ગ્લોબલ એગ્રીકલ્ચર ફેર યોજાશે.

આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૩ના ભાગરૂપે હાઈટેક એગ્રીકલ્ચર ડેવલપમેન્ટના સંદર્ભમાં રણનીતિ ઘડવા માટેનું સામૂહિક મંથન આ મહાત્મા મંદિરની ભૂમિ ઉપર ગુજરાતમાં થઈ રહ્યું છે. નેક્ષ્ટ ફ્રંટિયર ઓફ એગ્રીબિઝનેસ એન્ડ ટેકનોલોજી વિષયવસ્તુ આધારિત આ નેશનલ કન્વેન્શનમાં ઈઝરાયેલ, ચિલી, હોલેન્ડ સહિતના વિદેશી એગ્રીકલ્ચર ડિપાર્ટમેન્ટના ૭ દેશોના રાજદૂતો સહિત સમગ્ર ભારતના વિવિધ રાજ્યોમાંથી કૃષિ તજજ્ઞો, એગ્રો-ઈન્ડસ્ટ્રીઝ એન્ડ બિઝનેસ કંપનીઓ અને એગ્રો ટેકનોલોજી અને એગ્રો ઈકોનોમી એક્ષ્પર્ટ અને રાજ્ય સરકારોના જાહેર સાહસોએ ભાગ લીધો છે. ગુજરાત અને અન્ય રાજ્યોના પ્રગતિશીલ કિસાનો આ રાષ્ટ્રીય કૃષિવાણિજ્ય સંમેલનમાં ઉપસ્થિત રહ્યા છે.

# કુદરતી આપત્તિઓમાં અપાતી સહાયના નવા ધારા-ધોરણો

ગાંધીનગર, તા. ૩

રાજ્યના મહેસુલ વિભાગ દ્વારા કુદરતી આપત્તિઓને કારણે થતા માનવ મૃત્યુ, પશુમૃત્યુ, ઈજા તેમજ સ્થાવર-જંગમ મિલકતને થતા નુકશાન માટે નાણાંકીય સહાય ચુકવવાના ધોરણોમાં ફેરફાર કરીને અપાતી સહાયમાં કેટલાક નિયમોને આધારે વધારો કરવામાં આવ્યો છે. કુદરતી આપત્તિઓમાં મળતી સહાયમાં પુર, અતિવૃષ્ટિ, ભારે વરસાદ, ભૂકંપ, વીજળી પડવી, ભારે વરસાદના કારણે ઝાડ કે મકાન પડી જવું, માનવ કે પશુ મૃત્યુ અથવા ઈજા થવી, ઝૂંપડા અને કાચા મકાનોને સંપૂર્ણ કે અંશતઃ નુકશાન, ખેતીના પાકોને નુકશાન, જમીન ધોવાણ, જમીન ઘસી પડવી, પશુધનને નુકશાન, નાના કુટીર ઉદ્યોગોને નુકશાન, મરઘા ઉછેર, માછીમારોને થયેલ નુકશાન જેવી આપત્તિઓનો સમાવેશ થાય છે.

સહાય માટેના નક્કી કરાયેલા નવા ધોરણો આ મુજબ છે. ભારત સરકારના સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (SDRF)માંથી મૃત્યુ સહાય રૂા. ૧,૫૦,૦૦૦ અને મુખ્ય મંત્રીશ્રીના રાહતફંડમાંથી રૂા. ૫૦,૦૦૦ એમ કુલ મળીને રૂા. ૨,૦૦,૦૦૦ મૃત્યુ સહાય આપવામાં આવશે. SDRF માંથી સંપૂર્ણ નાશ પામેલ પાકા મકાનો માટે રૂા. ૩૫,૦૦૦, કાચા મકાન માટે રૂા. ૧૫,૦૦૦ તેમજ રાજ્ય સરકાર દ્વારા રૂા. ૧૫,૦૦૦ની સહાય કાચા મકાન માટે આપવામાં આવશે. ગંભીર નુકશાન પામેલ પાકા મકાનો માટે SDRF માંથી રૂા. ૬,૩૦૦ અને કાચા મકાન માટે રૂા. ૩,૨૦૦ જયારે રાજ્ય સરકાર દ્વારા રૂા. ૧૦,૦૦૦ અને રૂા. ૭,૫૦૦ અનુક્રમે આપશે. SDRF માંથી આંશિક રીતે નુકશાન પામેલ કાચા અને પાકા મકાનો માટે રૂા. ૧,૯૦૦, જયારે રાજ્ય સરકાર દ્વારા રૂા. ૬,૦૦૦ ફાળવવામાં આવે છે. નુકશાન પામેલ ઝૂંપડા માટે રૂા. ૨,૫૦૦ અને રાજ્ય રૂા. ૩,૦૦૦ની સહાય આપશે. ઘર સાથે સંકળાયેલ કેટલ શેડ માટે SDRF માંથી રૂા. ૧,૨૫૦ સહાય આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, રાજ્ય દ્વારા અપાતી તમામ સહાય SDRF સિવાયની ગ્રાન્ટમાંથી અપાય છે.